# ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ

## ખાદી યોજનાઓ ::-

## બજાર વિકાસ સહાય

રાજયમાં ઉત્પાદિત ખાદી (સુતરાઉ, ગરમ તેમજ રેશમ) અને પોલીવસ્ત્રનુ વેચાણ, સંસ્થા/મંડળીઓ મારફતે થાય છે. કારીગરોને વધુમાં વધુ રોજગારી મળે અને રાજયમાં ઉત્પાદિત થયેલ ખાદી/પોલીવસ્ત્રના વેચાણને પ્રોત્સાહન મળે તે માટે ખાદી ગ્રામોધોગ આયોગ દ્વારા આપવામાં આવતી ૨૦% બજાર વિકાસ સહાય (એમ.ડી.એ.) ઉપરાંત રાજય સરકારશ્રી દ્વારા પણ ૧૫% એમ.ડી.એ. યોજના દાખલ કરેલ છે. એમ.ડી.એ. યોજનામાં ૫% કાંતનાર/વણનાર કારીગરોને ખાસ પેકેજ તરીકે, ૫% સંસ્થાને ઉત્પાદન ખર્ચ પેટે અને ૫% બજાર વિકાસ સહાય તરીકે આપવાની યોજના છે. આમ ખાદી ગ્રામોધોગ આયોગ અને ખાદી બોર્ડ મળી કુલ ૧૫% એમ.ડી.એ. આપવાની યોજના અમલમાં છે.

## ખાદી–પોલીવસ્ત્ર કંતાઇ – વિશેષ વણકરી વણાટ સાધન સહાય :-

રાજયમાં ખાદી સંસ્થા/મંડળીઓ મારફતે કાંતનાર તેમજ વણનાર કારીગરોને કંતાઇ તેમજ વણાટ માટે ખાદી કમિશન દ્વારા નિયત ભાવ પત્રક મુજબ ઉત્પાદિત સુતરના આંક મુજબ આંટીની મજુરી તેમજ વણાટની જાત મુજબ વણકરી ચુકવવામાં આવે છે. તદ્ઉપરાંત રાજય સરકારશ્રી દ્વારા નીચે મુજબની સહાય આપવામાં આવે છે.

અ. જનરલ તેમજ અનુસુચિત જાતિ/અનુસચિત જન જાતિ માટે નિયત મજુરી ઉપરાંત ઉત્પાદન આંટી ઉપર પ્રતિ આંટી રૂા.૩/- વિશેષ કંતાઇ સહાય.

બ. વણાટ કારીગરોને નિયત વણકરી ઉપરાંત જનરલ તેમજ અનુસુચિત જાતિ/ અનુસચિત જન જાતિ માટે રાજય સરકારશ્રી તરફથી રૂા.૬/- પ્રતિ ચો.મી. વિશેષ વણકરી સહાય તેમજ રૂા.૨/- પ્રમાણે વણાટ સાધન સહાય.

## નવા ચરખા શાળ આપવાની યોજના :-

ખાદી ક્ષેત્રે નવી પેઢી આ કામગીરી કરવા પ્રેરાય અને તે દ્વારા નવી રોજગારી ઉભી થાય તે હેતુથી ખાદી ગ્રામોધોગ આયોગ (ભારત સરકાર) ની માન્યતા ધરાવતી સંસ્થાઓ મારફતે અમલ કરવા માટે બોર્ડ દ્વારા નવા ચરખા, શાળ આપવાની યોજના અમલમાં છે. જેમાં રાજય સરકારશ્રી દ્વારા ૬૫% સહાય આપવામાં આવે છે. જયારે ચરખા, શાળની કિંમતના ૩૫% મુજબનો ફાળો લાભાર્થી/સંસ્થાઓએ ભોગવવાનો રહે છે.

## પોલીવસ્ત્ર ગણવેશ યોજના :-

રાજય સરકારશ્રી દ્વારા પસંદ થયેલ તાલુકાઓમાં સરકારી પ્રાથમિક શાળાના વિધાર્થીઓને બે જોડી વિના મૂલ્યે પોલીવસ્ત્ર ગણવેશ પૂરા પાડવાની યોજના વર્ષ ૨૦૧૬-૧૭થી અમલમાં છે. જે અન્વયે નાંણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માં નીચે મુજબના તાલૂકાઓમાં ગણવેશ વિતરણ કરવામાં આવેલ છે.

**નાણાંકીય વર્ષ:૨૦૧૬-૧૭**

| ક્રમ | તાલુકો | જિલ્લો | વિદ્યાર્થીઓની સંખ્યા | | કુલ સંખ્યા | ૨ (બે) જોડી ગણવેશ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | | |
| ૧ | ચોટીલા | સુરેન્દ્રનગર | ૧૦૨૦૫ | ૧૦૨૬૬ | ૨૦૪૭૧ | ૪૦૯૪૨ |
| ૨ | જેતપુર | રાજકોટ | ૩૯૮૯ | ૪૦૩૮ | ૮૦૨૭ | ૧૬૦૫૪ |
| ૩ | જામકંડોરણા | રાજકોટ | ૩૪૧૫ | ૩૧૯૦ | ૬૬૦૫ | ૧૩૨૧૦ |
| | એકંદરે કુલ | | ૧૭૬૦૯ | ૧૭૪૯૪ | ૩૫૧૦૩ | ૭૦૨૦૬ |

**નાણાંકીય વર્ષ:૨૦૧૭-૧૮**

| ક્રમ | વિકાસશીલ તાલુકો | જિલ્લો | વિદ્યાર્થીઓની સંખ્યા | | કુલ સંખ્યા | ૨ (બે) જોડી ગણવેશ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | | |
| ૧ | ભાભર | બનાસકાંઠા | ૧૦૫૪૩ | ૯૭૫૫ | ૨૦૨૯૮ | ૪૦૫૯૬ |
| ૨ | લખપત | કચ્છ | ૪૩૭૭ | ૪૩૮૧ | ૮૭૫૮ | ૧૭૫૧૬ |
| ૩ | જાંબુઘોડા | પંચમહાલ | ૨૭૨૧ | ૨૬૦૬ | ૫૩૨૭ | ૧૦૬૫૪ |
| ૪ | સાયલા | સુરેન્દ્રનગર | ૯૨૫૧ | ૯૯૦૭ | ૧૯૧૫૮ | ૩૮૩૧૬ |
| | એકંદરે કુલ | | ૨૬૮૯૨ | ૨૬૬૪૯ | ૫૩૫૪૧ | ૧૦૭૦૮૨ |

## ગ્રામોધોગ યોજનાઓ ::-

## તાલીમ :-

કાંતણ – વણાટની એક માસની તાલીમ ખાદી/પોલીવસ્ત્રનુ ઉત્પાદન કામ કરતી સંસ્થા મારફત આપવામાં આવે છે. તાલીમાર્થીને માસિક રૂા.૧૫૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

| ક્રમ | એક માસનો ખાદી કાંતણ તાલીમ વર્ગ | એક માસનો ખાદી વણાટ તાલીમ વર્ગ |
|---|---|---|
| ૧. | તાલીમાર્થી સંખ્યા-૨૫ (તાલીમવર્ગ દીઠ) | તાલીમાર્થી સંખ્યા-૧૫ (તાલીમવર્ગ દીઠ) |
| ૨. | તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિ<br>રૂા.૩૭,૫૦૦/- (૨૫ x રૂા.૧,૫૦૦) | તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિ<br>રૂા.૨૨,૫૦૦/- (૧૫ x રૂા.૧,૫૦૦) |
| ૩. | અંબર શિક્ષક પગાર<br>રૂા.૬,૫૦૦/- એક માસ | વણાટ શિક્ષક પગાર<br>રૂા.૬,૫૦૦/- એક માસ |
| ૪. | મકાન ભાડુ (એક માસનુ) રૂા.૨,૦૦૦/- | મકાન ભાડુ (એક માસનુ) રૂા.૨,૦૦૦/- |
| ૫. | વ્યવસ્થા ખર્ચ રૂા.૫,૦૦૦/- | વ્યવસ્થા ખર્ચ રૂા.૫,૦૦૦/- |
| ૬. | કાચો માલ રૂા.૧૯,૦૦૦/- | કાચો માલ રૂા.૧૯,૦૦૦/- |

## પ્રધાનમંત્રી રોજગાર સૃજન કાર્યક્રમ (PMEGP) :-

ખાદી ગ્રામોધોગ આયોગ (સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધમ મંત્રાલય – ભારત સરકાર) દ્વારા પ્રધાનમંત્રી રોજગાર સૃજન કાર્યક્રમ – પી.એમ.ઇ.જી.પી. યોજના અમલમાં છે જે યોજના રાષ્ટ્રીયકૃત બેંક મારફત અમલમાં મુકવામાં આવેલ છે.

ઉત્પાદન ક્ષેત્રે મહત્તમ રૂા.૨૫/- લાખ સુધી તેમજ સેવા ક્ષેત્રે રૂા.૧૦/- લાખ સુધીના પ્રોજેકટ મંજુરીને પાત્ર છે.

સબસીડીનુ ધોરણ કેટેગરી મુજબ ૧૫% થી ૩૫% સુધીનુ છે. તેમજ લાભાર્થીનો લોન ફાળો કેટેગરી મુજબ ૫% થી ૧૦% છે.

## પ્રચાર-પ્રસાર

## પ્રદર્શન મેળા :-

ખાદી તેમજ ગ્રામોધોગની ચીજ વસ્તુઓનુ વેચાણ વધે તેમજ કારીગરોને રોજગારી મળે તે હેતુથી રાજયમાં વિવિધ સ્થળોએ પ્રદર્શન – મેળા યોજી ખાદી ગ્રામધોગની ચીજ વસ્તુઓનુ વેચાણ વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત ખાદી ગ્રામોધોગ આયોગના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાના ખાદી ઉત્સવ – પ્રદર્શનનુ આયોજન કરવામાં આવે છે.